# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
યુવક કલ્યાણ વિભાગ
DEPARTMENT OF YOUTH WELFARE


યુ.ક. નં/ ૦૩૫ /૨૦૨૪ તા:૦૫ -૦૯-૨૦૨૪

વિષય: બેઝીક કોર્ષ ઈન રોક ક્લાઈમ્બીંગ (બેઝીક માઉન્ટેનીયરીંગ કેમ્પ), મરીન કેમ્પ, ફોરેસ્ટ કેમ્પ અને ડેઝર્ટ કેમ્પ અંગે.

શ્રીમાન,

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે ડીસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસ દરમ્યાન નીચે દર્શાવેલ કેમ્પનું આયોજન કરવા વિચારણા હેઠળ છે.

| | |
|---|---|
| (૧) બેઝીક કોર્ષ ઈન રોક ક્લાઈમ્બીંગ (બેઝીક માઉન્ટેનીયરીંગ કેમ્પ) | (૨) મરીન કેમ્પ |
| (૩) ફોરેસ્ટ કેમ્પ | (૪) ડેઝર્ટ કેમ્પ |

ઉપરોક્ત કેમ્પમાં જોડાવવા ઉત્સુક, ખડતલ, નીડર તેમજ સાહસિક અને શિબિર જીવનની અગવડતાઓ વેઠવા તૈયાર હોય તેવા વિદ્યાર્થીઓને જ કેમ્પમાં ભાગ લેવા માટે મોકલવા. ઉપરોક્ત દર્શાવેલ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓની આપની કોલેજમાંથી પંસદગી કરી બેઝીક કોર્ષ ઈન રોક ક્લાઈમ્બીંગ (બેઝીક માઉન્ટેનીયરીંગ કેમ્પ) માટે ૩ વિદ્યાર્થી ભાઈઓ અને ૩ વિદ્યાર્થીની બહેનોના તેમજ મરીન કેમ્પ, ફોરેસ્ટ કેમ્પ અને ડેઝર્ટ કેમ્પ માટે ૨(બે) વિદ્યાર્થી ભાઈઓ અને ૨ (બે) વિદ્યાર્થીની બહેનોના ફોર્મ ભરીને કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે તા. ૨૭-૦૯-૨૦૨૪ ના રોજ બપોરે ૪-૦૦ કલાક સુધીમાં યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી ખાતે મોકલી આપવા વિનંતી. ગર્લ્સ કોલેજ બેઝીક કોર્ષ ઈન રોક ક્લાઈમ્બીંગ (બેઝીક માઉન્ટેનીયરીંગ કેમ્પ) માટે ૬ વિદ્યાર્થીની બહેનોના અને મરીન કેમ્પ, ફોરેસ્ટ કેમ્પ અને ડીઝર્ટ કેમ્પ માટે ૪ ચાર વિદ્યાર્થીની બહેનોના નામ મોકલી શકશે.

કેમ્પમાં ભાગ લેવા માટેના વિદ્યાર્થીઓની આખરી પસંદગી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ૨ કિલોમીટર દોડ કસોટી નોન સ્ટોપ પૂર્ણ કરવાની રહેશે, દોડ કસોટી માટે સમય મર્યાદા રાખવામાં આવેલ નથી, જેની નોંધ લેવા વિનંતી. પસંદગી કસોટીની જાણ વિદ્યાર્થીઓને ઈ-મેલ ઉપર કરવામાં આવશે. પસંદગી સ્થળે વિદ્યાર્થીઓએ પોતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. કેમ્પ દરમ્યાન જો કોઈ અકસ્માત થાય કે બીમાર પડે તો તેની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે અને સારવારનો પુરેપુરો ખર્ચ પણ જે તે વિદ્યાર્થીએ પોતે ભોગવવાનો રહેશે. કેમ્પ સ્થળે આવવા-જવાનો ખર્ચ વિદ્યાર્થીઓએ પોતે અથવા કોલેજે ભોગવવાનો રહેશે. જયારે રહેવા, જમવા તથા તાલીમની સગવડ કેમ્પના સ્થળે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. ઉપરોક્ત કેમ્પના સંચાલક તરીકે નાયબ નિયામક, યુવક કલ્યાણ કે તેમના પ્રતિનિધિ રહેશે. હવે પછીનો પત્ર વ્યવહાર તથા કેમ્પ અંગેની તમામ માહિતી વિદ્યાથીઓના E-MAIL ID પર મોકલી આપવામાં આવશે. જેની નોંધ લઈ તેની જાણ વિદ્યાર્થીઓને કરવા વિનંતી. ઉપરોક્ત તમામ જાણકારી વિદ્યાર્થીઓને આપ્યા બાદ જ એપ્લીકેશન ફોર્મ મોકલી આપવા વિનંતી.

નોંધ: (૧) વિદ્યાર્થીઓએ અગાઉ જે કેમ્પમાં ભાગ લીધેલ હોય તે જ કેમ્પમાં ફરી વખત ભાગ લઈ શકશે નહી.
(૨) એક વિદ્યાર્થી કોઈ પણ એક જ કેમ્પમાં ભાગ લઈ શકશે.
(૩) ઉપર દર્શાવ્યા મુજબની વિદ્યાર્થીઓની નિયત સંખ્યા કરતા વધારે નામો મોકલવા નહી, તે ધ્યાને લેવું.
(૪) કેમ્પમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના ફોર્મ કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે એક સાથે મોકલવાના રહેશે, તેની ખાસ તકેદારી રાખવી.

આપનો વિશ્વાસુ,

નાયબ નિયામક યુવક કલ્યાણ

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

# GUJARAT UNIVERSITY
## DEPARTMENT OF YOUTH WELFARE

### APPLICATION FORM

**(NOTE : FORMS FILL IN THE CAPITAL BLOCK LETTERS )**

CAMP NAME:

PASTE YOUR RECENT PASSPORT SIZE PHOTOGRAPH SIGNED BY PRINCIPAL

1 STUDENTS FULL NAME:

SURNAME:

NAME:

FATHERS NAME:

2 STUDENTS ADDRESS:

Pin Code :

3 NAME OF THE COLLEGE:

4 ENROLLMENT NO. :

5 STUDYING CLASS :

6 CONTACT NO. (M) :

7 GUARDIAN'S CONTACT NO.

8 CATEGORY ( GENERAL / OBC / SC / ST )

9 E-MAIL (COMPULSORY) :

10 DATE OF BIRTH: 11 AGE:

12 TRACKSUIT SIZE ( TICK (√) MARK ON SIZE):

| 36 | 38 | 40 | 42 | 44 |
|---|---|---|---|---|
| (S) | (M) | (L) | (XL) | (XXL) |

13 SHOES SIZE ( TICK (√) MARK ON SIZE): 4 5 6 7 8 9 10 11 12

(SIGNATURE OF STUDENT)

I hereby certify that the above mentioned information is correct as per our college record and best of my knowledge and belief.

(PRINCIPAL SIGNATURE & SEAL)